આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમના કુલ-૦૬ જુદા જુદા સંવર્ગોમાં સીધી ભરતીથી ભરવાની જગ્યાઓમાં દિવ્યાંગજનો માટે ચાર ટકા અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: **TDD/GTC/e-file/25/2023/0536/GH**
સચિવાલય, ગાંધીનગર.

3 1 MAY 2024

વંચાણમાં લીધા:

(૧) મિનિસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સ & પેન્શન, ડિ.ઓ.પી.ટી. ભારત સરકારનો તા.૧૫/૦૧/૨૦૧૮ નો કાર્યાલય આદેશ ક્રમાંક: ૩૬૦૩૫/૦૨/૨૦૧૭-ઈએસટી(આઈએસ)

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૭/૦૯/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૧/૧૨૨૬૩૯/ગ.૨

(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૧૮/૦૮/૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/ ૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪)

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૩૦/૧૨/૨૦૨૨ના પરિપત્ર ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/ ૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૬)

(૫) વિભાગનો તા.૨૭/૦૩/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક:ટીડીડી/૧૦૨૦૧૯/૩૯૮/ઘ

(૬) કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમના તા.૦૫/૦૧/૨૦૨૪ના પત્ર ક્રમાંક:-GTDC/GSSSB/e-file/336/2023/0108/Admin

(૭) વિભાગનો તા.૨૯/૦૧/૨૦૨૪નો સમાનાંકી પત્ર

(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૦૯/૦૫/૨૦૨૪ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ

(૯) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક:SJED/DIA/e-file/17/2023/1761/CHH-1

આમુખ:

The Rights of Persons with Disabilities Act, 2016 અમલમાં આવતાં ભારત સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના કાર્યાલય આદેશથી સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગજનો માટે ચાર ટકા જગ્યાઓ અનામત રાખવા અંગેની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવથી દિવ્યાંગજનો માટે સદર એક્ટની કલમ-૩૪માં દર્શાવ્યા અનુસાર રાજ્ય સરકારની સેવાઓ/જગ્યાઓમાં દિવ્યાંગજનો માટે ચાર ટકા જગ્યાઓ અનામત રાખવાની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૬) પરના કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમના પત્રથી નિગમ હસ્તકની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓના વિવિધ સંવર્ગોની કામગીરી ધ્યાને લઇને, ભારત સરકારના દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર અધિનિયમ-૨૦૧૬(The Rights Of Persons With Disabilities Act,2016)ની કલમ-૩૪માં ઉલ્લેખિત દિવ્યાંગતાની અલગ અલગ કેટેગરીઓ પૈકીની કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત રાખી શકાય તે અંગેની દરખાસ્ત આ વિભાગને રજૂ કરવામાં આવેલ. જેને વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૭) પરના પત્રથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને તેઓ હસ્તકની પેટા તજજ્ઞ સમિતિ સમક્ષ રજુ કરેલ. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ વંચાણે લીધેલ ક્રમાંક (૯) પરના તા.૨૭/૦૫/૨૦૨૪ના પત્રથી આ વિભાગ હસ્તકની કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ હેઠળના (૧) મેનેજર વર્ગ-૧, (૨) ડેપ્યુટી મેનેજર (વર્ગ-૨), (૩) આસીસ્ટન્ટ મેનેજર (કોર્પો.) (વર્ગ-૩), (૪) સીનીયર આસીસ્ટન્ટ (વર્ગ-૩), (૫) જુનીયર આસીસ્ટન્ટ (વર્ગ-૩) તથા (૬) કારકુન (વર્ગ-૩) ના કુલ :-૦૬ જુદા જુદા સંવર્ગોમાં દિવ્યાંગતા નક્કી કરવા માટે તા.૦૯/૦૫/૨૦૨૪ના રોજ મળેલ પેટા તજજ્ઞ સમિતિની બેઠકમાં દિવ્યાંગતા સુનિશ્ચિત કરેલ છે. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ

નિગમ હેઠળના (૧) મેનેજર વર્ગ-૧, (૨) ડેપ્યુટી મેનેજર (વર્ગ-૨), (૩) આસીસ્ટન્ટ મેનેજર (કોર્પો.) (વર્ગ-૩), (૪) સીનીયર આસીસ્ટન્ટ (વર્ગ-૩), (૫) જુનીયર આસીસ્ટન્ટ (વર્ગ-૩) તથા (૬) કારકુન (વર્ગ-૩) ના કુલ :-૦૬ જુદા જુદા સંવર્ગોમાં સીધી ભરતીથી ભરવાની થતી કુલ ખાલી જગ્યાની દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત રાખવાની થતી ચાર ટકા જગ્યાઓ નીચેના કોષ્ટકમાં જણાવ્યાનુસાર સંબંધિત સંવર્ગ સામેની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો માટે અનામત રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | દિવ્યાંગતાનો ખંડ | અનામત જગ્યાની ટકાવારી | દિવ્યાંગતાનો પ્રકાર |
|---|---|---|---|
| મેનેજર, (વર્ગ-૧) | a | 1 % | B, LV |
| | b | 1 % | D, HH |
| | c | 1 % | BL, OL, OA, BA, OAL, CP, LC, Dw, AAV, SD, SI, MDy |
| | (d & e) | 1 % | ASD(M), SLD, MD, MI |
| ડેપ્યુટી મેનેજર (વર્ગ-૨), | a | 1 % | B, LV |
| | b | 1 % | D, HH |
| | c | 1 % | BL, OL, OA, BA, OAL, CP, LC, Dw, AAV, SD, SI, MDy |
| | (d & e) | 1 % | ASD(M), SLD, MD, MI |
| આસીસ્ટન્ટ મેનેજર (કોર્પો.) (વર્ગ-૩) | a | 1 % | B, LV |
| | b | 1 % | D, HH |
| | C | 1 % | BL, OL, OA, BA, OAL, CP, LC, Dw, AAV, SD, SI, MDy |
| | (d & e) | 1 % | ASD(M), SLD, MD, MI |
| સીનીયર આસીસ્ટન્ટ (વર્ગ-૩) | a | 1 % | B, LV |
| | b | 1 % | D, HH |
| | c | 1 % | BL, OL, OA, BA, OAL, CP, LC, Dw, AAV, SD, SI, MDy |
| | (d & e) | 1 % | ASD(M), SLD, MD, MI |
| જુનીયર આસીસ્ટન્ટ (વર્ગ-૩) | a | 1 % | B, LV |
| | b | 1 % | D, HH |
| | c | 1 % | BL, OL, OA, BA, OAL, CP, LC, Dw, AAV, SD, SI, MDy |
| | (d & e) | 1 % | ASD(M), SLD, MD, MI |
| કારકુન (વર્ગ-૩) | a | 1 % | B, LV |
| | b | 1 % | D, HH |
| | c | 1 % | BL, OL, OA, BA, OAL, CP, LC, Dw, AAV, SD, SI, MDy |
| | (d & e) | 1 % | ASD(M), SLD, MD, MI |

**(CATEGORY ABBREVIATIONS USED: B**=Blind, **LV**=Low Vision, **D**=Deaf, **HH**= Hard of Hearing, **OA**=One Arm, **OL**=One Leg, **BA**=Both Arms, **BL**=Both Leg, **OAL**=One Arm and One Leg, **BLOA**=Both leg & one arm , **BLA**=Both Legs Arms, **CP**=Cerebral Palsy, **LC**=Leprosy Cured, **Dw** =Dwarfism, **AAV**=Acid Attack Victims, **MDy**=Muscular Dystrophy, **ASD**= Autism Spectrum Disorder (**M**= Mild, **MoD**= Moderate), **ID**= Intellectual Disability, **SLD**= Specific Learning Disability, **MI**=Mental Illness, **MD**=Multiple Disabilities)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અગ્ર સચિવશ્રી(આ.વિ)ની તા.૩૧/૦૫/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.પટેલ)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૭, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર (પત્રથી)
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, ગાંધીનગર(પત્રથી)
- કમિશ્નરશ્રી (વિકલાંગ વ્યક્તિઓ માટેના), જૂના સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(સેવા), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, છ-૧ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ તરફ જાણ સારૂ ......
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઇટ પર ઓનલાઇન મુકવાની વ્યવસ્થા કરવા સારુ.
- નાયબ સેક્શન અધિકારી / શાખા સિલેક્ટ ફાઇલ.